# મધુર ડેરી દ્વારા રાજયના સ્થાપના દિને 'સંકટથી સ્વાવલંબન' વેબિનાર

ગાંધીનગર, તા.૧

આજે ૧ મે ગુજરાત સ્થાપના દિને આવશ્યક સેવામાં અડીખમ કાર્યરત મધુર ડેરી અને કામધેનુ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ડિઝટલ ટેકનોલોજીના માધ્યમથી એક વિશેષ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનારમાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા વેટરનરી ડોકડર્સ, મધુર ડેરીની વોરિયર્સ ટીમ, કામધેનુના તજજ્ઞો, જિલ્લાના વેટરનરી વિષય નિષ્ણાતોએ ઓનલાઈન હાજરી આપી હતી. વેબીનારમાં આવકાર પ્રવચનમાં જણાવતા મધુર ડેરીના એમડીશ્રીએ ગાંધીનગર જિલ્લા દૂધ સંઘ દ્વારા કોરોનાની કટોકટીમાં ચાલતી કામગીરી વિશે સૌના માહિતગાર કર્યા હતા. આ વેબિનારથી પશુપાલન અને ડેરીઓ સાથે સંકળાયેલા અધિકારીઓ અને વેટરનરી ડોકટર્સ માટે ઉપયોગી બનશે તેવી આશા વ્યકત કરી આયોજન અને માર્ગદર્શન બદલ મધુર ડેરીના ચેરમેન ડો. શંકરસિંહ રાણા અને કામધેનુ યુનિવર્સિટીના વીસી ડો. કેલાવાલાને સંકટથી સ્વાવલંબન વિશે પોતાના વિચારો રજુ કરવા આમંત્રણ આપ્યું હતું. ડો. કેલાવાલા સાહેબે કોરોનાની કટોકટીને ખૂબ ગંભીરતાથી લઈને પશુપાલકો જ રાજયને સ્વાવલંબનનો રાહ ચીંધી શકશે તે બાબતે વાત કરી હતી. પશુપાલકો માટે ઉપયોગી પશુ ઉછેર અને ગૌ પશુપાલનને વધુ મજબૂત બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. વેબીનારના મુખ્ય વકતા ડો. શંકરસિંહ રાણાએ ગુજરાત સ્થાપના દિન નિમિત્તે માનનીય મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોને આપેલ આહવાન માસ્ક પહેરો, સોસીયલ ડિસ્ટન્સ રાખો અને રોગપ્રતિકારક શકિત વધારોના મંત્રને સાકાર કરવાની સૌને અપીલ કરી હતી. સ્વ થી જ સ્વાવલંબન આવશે. જાતે જ ડર વિના સાવચેત બની ટકી રહીશું તો આર્થિક સામાજિક સ્વાવલંબન બનાશે. તેમણે આ સમયે પશુપાલન વ્યવસાય એ પરમોધર્મ છે અને



સ્વાવલંબનનું એક સચોટ ઉદાહરણ છે તેની વાત કરી હતી. દૂધની સાથે સાથે શાકભાજીની સેવા પણ મધુર ડેરીએ શરૂ કરીને ખેડૂતોને સ્વાવલંબી બનાવવા પહેલ કરી છે તેની પણ વાત કરી હતી. સહકાર ક્ષેત્ર સ્વાવલંબન તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. સંકટ તો છે પણ સહકારી સ્વાવલંબન વધારવા સરકાર અને પશુપાલકો એકજુટ થઈ પ્રગતિ કરશે તેની વાત કરી હતી. વેબીનારમાં ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ ગુજરાત સ્થાપના દીને સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. સંકટ સામે લડવાનું અને ટકી રહેવાનું તો ગુજરાતીઓના લોહીમાં છે એટલે સાવચેતી અને સહકારથી જલદી બધું ઠીક થશે તેવી આશા વ્યકત કરી હતી. ગાંધીનગરમાં કોરોનાના વધતા કેસો સામે હવે સાવધાની બતાવી સહકાર આપવા સૌને અપીલ કરી હતી. કામધેનુના વિસ્તરણ નિયામક ડો. વાટલીયાએ તાજેતરના વિષય અનુરૂપ વેબીનારના આયોજન બદલ મધુર ડેરીને ધન્યવાદ આપ્યા હતા. પશુપાલન અને ડેરીથી મોટાભાગના લોકોને રોજગારી મળે છે એટલે સ્વાવલંબન એ પશુપાલન વ્યવસાયનો પર્યાય શબ્દ બની રહેશે. સૌને સુરક્ષિત રહી સહકાર આપવા અનુરોધ કર્યો હતો. અંતમાં મધુર ડેરીના વેટરનરી અધિકારીએ પશુપાલકોએ વાછરડી ઉછેર, ગૌ પશુપાલન, સજીવ ખેતી અને પશુ સારવારમાં આયુર્વેદિક ઉપચાર જેવા મુદે સૌને માહિતી આપી હતી. વેબીનારને અંતે પ્રોકયોરમેન્ટ વિભાગના જનરલ મેનેજર શ્રી હંસાબેન પટેલે આભારવિધિ કરી હતી. અને આ અનોખી પહેલ બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.